PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/કવા–૦૧/૧૭–૧૮/ 3698 તા. 10/04/17

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
ચંપકસીહ ભીખુભા રાણા,
બ્લોક નં. –૧૦૦,
શેરી નં.–૮ – રવિપાર્ક,
કાલાવડ રોડ,
રાજકોટ

**વિષય :–મીટર બદલી બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૭–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૧/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-3..)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

[No: 06 / B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૧૧/કવા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીગઃ તા. ૦૯–૦૫–૧૭ | સ્થળ : રાજકોટ |

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામઃ ચંપકસીહ ભીખાભાઈ રાણા, ગામઃ રાજકોટ**

**રજુઆત કરનારઃ અરજદારશ્રી ના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર શ્રી જયપાલસીહ ચંપકસીહ રાણા હાજર રહેલ હતા.**

## વિરુધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

**રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)**

## : હુકમ :

**ફરીયાદ : મીટર બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૮૬૭૬/૦૦૯૭૩/૨ નુ મીટર '' ફાસ્ટ ફરતુ '' હોય, સદર મીટર મા '' માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૭ નુ ૫૩૦ યુનીટ '' નુ, વધુ વીજવપરાશી યુનીટ નુ બીલીગ થયેલ હોય, સદર મીટર ને ત્વરીતે બદલાવી, અને મીટર ની સ્થિતી ને આનુષાંગીક રહી અને સદર બીલ સુધારી આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.: ૮૮૬૭૬/૦૦૯૭૩/૨ નુ મીટર '' ફાસ્ટ ફરતુ '' હોય, સદર મીટર મા ' ' માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૭ નુ ૫૩૦ યુનીટ '' નુ, વધુ વીજવપરાશી યુનીટ નુ બીલીગ થયેલ હોય, આવા કારણોસર ની ફરીયાદી અરજદાર શ્રી ની પીજીવીસીએલ સમક્ષ ની રજુઆત ના અનુસંધાને, પીજીવીસીએલ ની સબંધક નાના મૌવા, પેટા વિભાગીય કચેરી રાજકોટ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર તા.૨૪–૦૪–૧૭ ના રોજ રૂબરૂ ઉપસ્થિત રહી, અને ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ ના, એલએન્ડટી કંપની ના મીટર નં.: ૧૦૪૮૮૧૩૯ નો, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા જ, ચેકીગ શીટ : ૪૨૬૫૦૨, તા.૨૪–૦૪–૧૭ થી '' એકયુરેસી – પલ્સ ટેસ્ટ '' લેતા, સદર મીટર મા '' એરર – ૦૦૦.૩૮% '' જણાયેલ છે. આ તમામ વિગતો, ચેકીગ શીટ : ૪૨૬૫૦૨, તા.૨૪–૦૪–૧૭ મા નોંધાયેલ છે. અને તેની નકલ અરજદાર શ્રી ને અપાયેલ છે. આ સ્થળ ચકાસણી દરમ્યાન, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ ના સ્થાપન પર, ૩.૧૩૪ કીલોવોટ વીજવપરાશી હોવાની બાબત પણ જણાયેલ હતી. તે બાબત ની નોંધ પણ સદર ચેકીગ શીટ મા થયેલ છે. આમ, સદર મીટર, તાંત્રીક રીતે યોગ્ય તેમજ યોગ્ય ફરતુ જ જણાયેલ છે. ફાસ્ટ ફરતુ હોવાની બાબત બીલકુલ જણાયેલ નથી. આમ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય હોય, અને યોગ્ય જ ફરતુ હોય, મીટર બદલાવવાની જરૂરીયાત જણાયેલ નથી. આ બાબતે ની સમજણ, અરજદાર શ્રી ને સ્થળ ઉપર રહીને રૂબરૂ આપેલ હતી. |
| ૨.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી નુ મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ છે. તેમજ, તેમા નોંધાયેલ યુનીટ પણ, જોડાણ મા વીજવપરાશી થયેલ વીજભાર મુજબ ના જ છે. તે બાબત સ્પષ્ટ થયેલ છે. સદર જોડાણ નો બીલીગ ઈતીહાસ ની ચકાસણી કરવામા આવતા, ફરીયાદી અરજદાર શ્રી ના, સદર ૩.૧૩૪ કીલોવોટ વીજભાર વાળા જોડાણ મા અગાઉ (૧) વર્ષ–૨૦૧૩ ના સંપુર્ણ વર્ષ દરમ્યાન ના તમામ દ્રીમાસીક વીજબીલો ૪૪૦ યુનીટ ની સરેરાશ વાસ્તવિક યુનીટ મુજબ ના છે. (૨) વર્ષ–૨૦૧૪ ના સંપુર્ણ વર્ષ દરમ્યાન ના તમામ દ્રીમાસીક વીજબીલો ૫૨૫ યુનીટ ની સરેરાશ વાસ્તવિક યુનીટ મુજબ ના છે. (૩) વર્ષ–૨૦૧૫ ના સંપુર્ણ વર્ષ દરમ્યાન ના તમામ દ્રીમાસીક વીજબીલો ૫૫૦ યુનીટ ની સરેરાશ વાસ્તવિક યુનીટ મુજબ ના છે. તેમજ (૪) વર્ષ–૨૦૧૬ ના સંપુર્ણ વર્ષ દરમ્યાન ના તમામ દ્રીમાસીક વીજબીલો ૫૭૫ યુનીટ ની સરેરાશ વાસ્તવિક યુનીટ મુજબ ના છે. આમ, માહે |

| | |
|---|---|
| | વર્ષ–૨૦૧૩ થી માહે ડિસેમ્બર–૨૦૧૬ સુધી ના, કુલ ૪૮ માસ દરમ્યાન ના, પીજીવીસીએલ તરફથી અપાયેલ એવા તમામ ૨૪ દ્રીમાસીક વીજબીલો, જે જોડાણ મા જોડાયેલ ૩.૧૩૪ કીલોવોટ વીજભાર ને આનુષાંગીક એવા વાસ્તવિક વીજવપરાશી, એવા સરેરાશ ૫૨૦ યુનીટ મુજબ ના છે. જે જોડાણ મા જોડાયેલ વીજવપરાશી વીજભાર મુજબ ના છે. તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ હાલ નુ સવાલવાળુ માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૭ નુ ૫૩૦ યુનીટ નુ વીજબીલ, જે આ મુજબ જ જોડાણ મા જોડાયેલ ૩.૧૩૪ કીલોવોટ વીજભાર મુજબ ની વીજવપરાશ નુ જ છે, તેમજ તા.૨૪–૦૪–૧૭ ના રોજ ના સ્થળ ચકાસણી દરમ્યાન તાંત્રીક રીતે જણાયેલ અને યોગ્ય ફરતા હોય તેવા મીટર મુજબ નુ જ છે, યોગ્ય છે. જેથી, સદર મીટર બદલાવવાની કોઈ જરૂરીયાત ઉત્પન્ન થતી નથી. |
| **૨.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગત ને આનુષાંગીક રહેતા, અરજદાર શ્રી નુ સદર જોડાણ, જે હાલ ના તબ્બકે ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર વાળુ, જે અગાઉ ૧.૦ કીવો ના કરારીત વીજભાર વાળુ વર્ષો જુનુ છે. જયારે જોડાણ મા હાલ ૦૩ કીવો થી વધુ વીજભાર જોડાયેલ છે. આવા કારણોસર અરજદાર શ્રી ના સદર જોડાણ મા, છેલ્લા ૦૩ વર્ષ થી સરેરાશ ૫૨૦ યુનીટ નુ દ્રીમાસીક બીલીગ થયેલ છે, તે બાબત, કરારીત એવા સદર ૦૧ કીવો ના જોડાણ મા જોડાયેલ અને વીજવપરાશી એવા ૦૩ કીવો થી વિશેષ વીજભાર ને આનુષાંગીક છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી એ સદર જોડાણ ને, હાલ તુરંત જ ૧.૦ કીવો ના કરારીત વીજભાર માથી, ૪.૦ કીવો ના કરારીત વીજભાર વાળુ કરવાની બાબત, જે અરજદાર શ્રી માટે અત્યંત જરૂરી છે. જેથી, સદર કેઈસ મા, અરજદાર શ્રી ને તેઓ શ્રી ના જોડાણ મા, વધારાનો ૦૩ કીવો નો વીજભાર વધારો માંગી, પીજીવીસીએલ ની મંજુરી મેળવી અને જોડાણ ને ૪.૦ કીવો ના વીજભાર વાળુ કરવાની જાણકારી આપવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તેઓ શ્રી ના, ૦૧ કીવો ના કરારીત વીજભાર વાળા જોડાણ મા અપાયેલ સવાલવાળા, માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૭ ના ૫૩૦ યુનીટ ના વીજબીલ ને અનુસંધાને, ફરીયાદી અરજદાર શ્રી ની રજુઆત ને આનુષાંગીક રહીને, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ફરીયાદી અરજદાર શ્રી ની સદર મીટર ની, ફરીયાદી શ્રી ની હાજરી મા જ, સ્થળ પર રૂબરૂ ઉપસ્થિત રહીને, તા.૨૪–૦૪–૧૭ ના રોજ મીટર ની એકયુરેસી ની ચકાસણી કરાયેલ હતી. આ ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હતુ. અને વધુ ફરતુ જણાયેલ ન હતુ. આવા કારણોસર , ફરીયાદી અરજદાર શ્રી ના સ્થાપન પર ના સદર મીટર ને બદલાવવાની કોઈ જરૂરીયાત રહેતી નથી. તે બાબત, સદર મીટર ની સ્થળ ચકાસણી દરમ્યાન સ્વયં સ્પષ્ટ થયેલ છે. સ્થળ ચકાસણી દરમ્યાન, ૦૧ કીવો ના કરારીત એવા સદર જોડાણ મા ૦૩ કીવો થી વિશેષ વીજભાર વપરાશી હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. આ બાબત અરજદાર શ્રી ની ખાસ જાણકારી અને નોધ હેઠળ રજુ કરવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૨** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ના, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર ૦૧ કીવો ના કરારીત એવા સદર જોડાણ મા, ૦૩ કીવો થી વિશેષ વીજભાર વપરાશી થતો હોય, પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, સદર જોડાણ મા માહે જાન્યુઆરી–૧૩ થી માહે ડિસેમ્બર–૧૬ સુધી ના, કુલ ૪૮ માસ દરમ્યાન ના, પીજીવીસીએલ તરફથી અપાયેલ એવા તમામ ૨૪ દ્રીમાસીક વીજબીલો, જે જોડાણ મા જોડાયેલ ૩.૧૩૪ કીલોવોટ વીજભાર ને આનુષાંગીક એવા વાસ્તવિક વીજવપરાશી, એવા પ્રતિ દ્રીમાસીક સરેરાશ ૫૨૦ યુનીટ મુજબ ના છે. જે જોડાણ મા જોડાયેલ વીજવપરાશી વીજભાર મુજબ ના જ છે. પરંતુ, મીટર ની ખામીના કારણોસર ના નથી, તે બાબત, જે સવાલવાળા મીટર ની તા.૨૪–૦૪–૧૭ ના રોજ ના સ્થળ ચકાસણી દરમ્યાન જણાયેલ યોગ્ય તાંત્રીક સ્થિતી ની બાબત – જે રેકર્ડ આધારીત સમર્થન મુજબ ની છે. જેથી, સદર મીટર બદલાવવાની કોઈ જરૂરીયાત ઉત્પન્ન થતી નથી. જે મુજબ ની અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૩** | આમ, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહેતા, અને પીજીવીસીએલ પક્ષકાર ના મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતો ને , રેકર્ડ આધારીત સમર્થન મળતા, ફરીયાદી અરજદાર શ્રી એ, તેઓ શ્રી ના સદર જોડાણ ને, હાલ તુરંત જ ૧.૦ કીવો ના કરારીત વીજભાર માથી, ૪.૦ કીવો ના કરારીત વીજભાર વાળુ કરવાની બાબત – જે અરજદાર શ્રી માટે અત્યંત જરૂરી છે. જેથી, સદર કેઈસ મા, અરજદાર શ્રી ને તેઓ શ્રી ના જોડાણ મા, વધારાનો ૦૩ કીવો નો વીજભાર વધારો માંગી – અને પીજીવીસીએલ ની મંજુરી મેળવી અને જોડાણ ને ૪.૦ કીવો ના વીજભાર વાળુ કરવાની, અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ નુ મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, બદલાવવાની જરૂરીયાત નથી. તેમજ, નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી ના સદર ૧.૦ કીવો ના કરારીત વીજભાર વાળા જોડાણ મા, ૦૩ કીવો થી વિશેષ વીજભાર વપરાશી હોય, આવા કારણોસર, સદર જોડાણ મા માહે જાન્યુઆરી–૧૩ થી માહે ડિસેમ્બર–૧૬ સુધી નુ બીલીગ, જે પ્રતિ દ્રીમાસીક ૫૨૦ યુનીટ ની સરેરાશ મુજબ થયેલ છે, તે જોડાણ મા જોડાયેલ વપરાશી વીજભાર ને આનુષાંગીક છે. આ મુજબ ફરીયાદી અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ માહે ફેબ્રુઆરી–માર્ચ– ૧૭ નુ ૫૩૦ યુનીટ નુ વીજબીલ પણ, જોડાણ મા જોડાયેલ ૦૩ કીવો થી વિશેષ વીજભાર ને આનુષાંગીક હોય, યોગ્ય છે. વિશેષ મા, અરજદાર શ્રી એ તેઓ શ્રી ના ૧.૦ કીવો ના કરારીત વીજભાર વાળા સદર જોડાણ ને, હાલ તુરંત જ ૧.૦ કીવો ના કરારીત વીજભાર માથી, ૪.૦ કીવો ના કરારીત વીજભાર વાળુ કરવાની બાબત – જે અરજદાર શ્રી માટે અત્યંત જરૂરી છે. જેથી, સદર કેઈસ મા, અરજદાર શ્રી ને તેઓ શ્રી ના જોડાણ મા, વધારાનો ૦૩ કીવો નો વીજભાર વધારો માંગી – અને પીજીવીસીએલ ની મંજુરી મેળવી અને જોડાણ ને ૪.૦ કીવો ના વીજભાર વાળુ કરવાની, અરજદાર શ્રી ને જાણકારી આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી હુકમ થયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.